# સુરત મહાનગરપાલિકા

## સુરત શહેર, મોજે: ડુમસ-ભીમપોર-ગવિયર વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગવિયર) તૈયાર કરવા બાબત.

### અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંકઃ યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ની કલમ -૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૫૯/૨૦૦૮, તા. ૨૩-૧૨-૦૮ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૭૭ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ડુમસ-ભીમપોર-ગવિયર વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગવિયર) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

નં.પી આર ઓ / ૫૦૪ / ૨૦૦૮-૦૯ કમિશનર
તા.૦૩/૦૧/૨૦૦૯ સુરત મહાનગરપાલિકા

ઠરાવઃ-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૩-૧૨-૦૮ નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૯-૧૨-૦૮ ના પત્ર નં. સીપીસ/૮/૩૬ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગવિયર) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગવિયર) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ -૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૫૯/ ૨૦૦૮ સર્વાનુમતે મંજુર